રાજ્યમાં નવી ૧૦૩ સરકારી માધ્યમિક શાળાઓ શરૂ કરવા અને આ શાળાઓ માટે જરૂરી મહેકમની મંજૂરી આપવા માટે સને ૨૦૧૮-૧૯ ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે કરેલ જોગવાઇને વહીવટી મંજૂરી આપવા બાબત.

26 FEB 2019

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

સુધારા ઠરાવ ક્રમાંક: સમશ-૧૦૧૮-૮૬-ગ.૧

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૨૫/૦૨/૨૦૧૯

વંચાણે લીધા -:

(૧) શિક્ષણ વિભાગનો તારીખ ૧૪/૦૮/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: સમશ-૧૦૧૮-૮૬-ગ.૧

(૨) કમિશનરશ્રી, શાળાઓની કચેરીનો તારીખ ૧૪/૦૯/૨૦૧૮નો પત્રક્રમાંક: ધ/માધ્ય/ધ.૧/૨૦૧૮/૧૯૪૦૦.

સુધારા ઠરાવ -:

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના તારીખ ૧૪-૮-૨૦૧૮ ના ઠરાવથી રાજ્યમાં બિન આદિજાતિ વિસ્તારની ૮૬ અને આદિજાતિ વિસ્તારની ૧૭ એમ કુલ-૧૦૩ સરકારી માધ્યમિક શાળાઓ શરૂ કરવાની મંજુરી આપવામાં આવેલ છે. સદરહુ ઠરાવ સાથેના પરિશિષ્ટ-૧ ના ક્રમ-૧૩ સામે દર્શાવેલ અમરેલી જિલ્લાના ખાંભા ગામ ખાતેની શાળાનો તાલુકો અમરેલી દર્શાવેલ છે જેના બદલે તાલુકો ખાંભા મુજબનો સુધારો કરવા કમિશનરશ્રી, શાળાઓની કચેરીએ વંચાણે લીધા ક્રમાંક (૨) સામેના તારીખ ૧૪-૯-૨૦૧૮ ના પત્રથી દરખાસ્ત કરેલ જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના શિક્ષણ વિભાગના તારીખ ૧૪-૮-૨૦૧૮ ના ઠરાવ સાથેના પરિશિષ્ટ-૧ ના ક્રમ-૧૩ સામે દર્શાવેલ અમરેલી જિલ્લાના ખાંભા ગામ ખાતેની શાળાનો તાલુકો અમરેલી દર્શાવેલ છે જેના બદલે તાલુકો ખાંભા મુજબ વાંચવું.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન. મંત્રીશ્રી(શિક્ષણ)ની તારીખ ૧૧/૦૨/૨૦૧૮ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(સુબોધ જોષી)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- માન.રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (પ્રા. અને મા.શિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (કમિશનરશ્રી શાળાઓની કચેરી મારફત)
- સંબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રી (કમિશનરશ્રી શાળાઓની કચેરી મારફત)
- સચિવશ્રી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી
- સિલેક્ટ ફાઈલ.